સંકલન : પ્રફુલ્લ રાવલ

# ગુજરાતી સાહિત્ય પરિષદનું ૩૧મું જ્ઞાનસત્ર

**૨૬-૨૭-૨૮, ડિસેમ્બર-૨૦૧૯ના રોજ**
**વિદ્યામંદિર ટ્રસ્ટ, પાલનપુર સંચાલિત**
**શ્રી કાનુભાઈ મહેતા વિદ્યા વિકાસ કેન્દ્ર અને**
**શ્રી સૂર્યકાંત સી. પરીખ માનવ વિદ્યા કેન્દ્રના ઉપક્રમે યોજાશે.**

**: જ્ઞાનસત્રનું સ્થળ :**

વિદ્યામંદિર ટ્રસ્ટ સંકુલ, પાલનપુર, જિ. બનાસકાંઠા

જ્ઞાનસત્રમાં ભાગ લેવા ઇચ્છતા પ્રતિનિધિઓએ ડેલિગેટ ફીના રૂા. ૧૦૦૦/- ભરવાના રહેશે અને વિદ્યાર્થીઓએ રૂા. ૫૦૦/- ભરવાના રહેશે. (કાર્યક્રમનો અહેવાલ રજૂ કરનાર વિદ્યાર્થીને પ્રમાણપત્ર આપવામાં આવશે) ડેલિગેટ ફી તા.૦૧-૧૨-૨૦૧૯ સુધીમાં પરિષદ કાર્યાલય, અમદાવાદમાં ભરી દેવાથી વ્યવસ્થા સરળ થશે. ત્યારબાદ સ્વીકારવામાં આવશે નહીં. સંપર્ક સૂત્ર : ૨૬૫૮૭૯૪૭

વ્યવસ્થામાં સહાયભૂત થવા ઉપરની તારીખ સુધીમાં આપની ડેલિગેટ ફી ભરાઈ જાય તે ઇચ્છનીય છે ત્યારબાદ સ્થળ પર ભરનારે દોઢો ચાર્જ ચૂકવવાનો રહેશે.

મંત્રીઓ

ગુજરાતી સાહિત્ય પરિષદ

**અનુબંધ : ૧૧-૧૨-૧૩**

■ ગુજરાતી સાહિત્ય પરિષદ તથા શ્રી જી.કે. ઍન્ડ સી.કે.બોસમિયા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ જેતપુરના ગુજરાતી વિભાગ દ્વારા મધ્યકાલીન કવિ ભોજા ભગતની જન્મભૂમિ દેવકી ગાલોળ, તા. જેતપુરમાં તા.૧૩-૭-૨૦૧૯ના રોજ સવારથી બપોર સુધી ભોજા ભગતના જીવન અને સમગ્ર કવન અંગેનો એક પરિસંવાદ યોજાયો હતો.જેમાં ગુજરાતી ભાષાના અધ્યાપકો સર્વશ્રી ભરત ખેની અને કેતન કાનપરિયાએ ભોજા ભગત વિશે વક્તવ્યો આપ્યાં હતાં. વક્તાઓનું શ્રી ઉકાણીસાહેબે, સ્ટાફ તેમજ દેવકી ગાલોળના ગામલોકોએ તથા શ્રી ભોજલરામ યુવકમંડળે સન્માન કર્યું હતું. શ્રુતિ પાનસેરિયાએ ભોજા ભગતની વાણીનું ગાન કર્યું હતું.આ પરિસંવાદમાં શ્રી જે.એચ. આતડિયા હાઈસ્કૂલ અને અને ગામના લોકો સહભાગી બન્યા હતા.

■ ગુજરાતી સાહિત્ય પરિષદ, શ્રી જલારામજી વિદ્યાલય વીરપુર અને શ્રી જી.કે.ઍન્ડ કૉમર્સ કૉલેજ જેતપુરના ગુજરાતી વિભાગ દ્વારા અર્વાચીન ગુજરાતી સાહિત્યના પ્રખ્યાત વાર્તાકાર, નવલકથાકાર તેમજ અનેકવિધ સાહિત્યના સર્જક શ્રી ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી-ધૂમકેતુના સાહિત્યસર્જન વિશે તા. ૨૦-૭-૨૦૧૯ના રોજ એક પરિસંવાદ યોજાયો હતો. જેમાં સર્વશ્રી ગુજરાતી સાહિત્ય પરિષદ સ્વાધ્યાયપીઠમંત્રી સમીર ભટ્ટ અને ડૉ. ચેતનાબહેન પાણેરીએ વક્તવ્યો આપ્યાં હતાં. ધૂમકેતુની આત્મકથામાં રહેલું વીરપુર અને સર્જકનાં સ્મરણોની વાત 'જીવનપંથ'ને આધારે કરી હતી. પરિસંવાદનું સંચાલન શ્રી દર્શનાબહેન ભાડજાએ કર્યું હતું. બંને વક્તાશ્રીઓનું આચાર્યશ્રી નૈયાસાહેબે સ્વાગત કર્યું હતું. શ્રી ભીમજી ખાચરિયાએ પરિસંવાદનું સંયોજન કર્યુ હતું. આ પરિસંવાદમાં શ્રી સ્વાતિબહેન, શ્રી ડી. સી. ડોબરિયા અને વીરપુર ગામવાસીઓ તથા સ્કૂલના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો ઉપસ્થિત રહ્યાં હતાં.

■ ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ અને શ્રી જી.કે.ઍન્ડ સી. કે. બોસમિયા કૉલેજ જેતપુરના સંયુક્ત ઉપક્રમે તા.૨૭-૭-૨૦૧૯ના રોજ સવારે ૮-૦૦ કલાકે 'નવલકથાકાર શ્રી ગુણવંતરાય આચાર્ય વિશે' શ્રી બોસમિયા કૉલેજના ઑડિયો -વિઝ્યુઅલ હૉલમાં એક-દિવસીય પરિસંવાદ યોજાયો હતો. શ્રી જિજ્ઞેશ રાદડિયા અને શ્રી સુરેશ શિંગાળાએ ગુણવંતરાય આચાર્યના સાહિત્ય વિશે વાત કરી હતી. શ્રી ભીમજી ખાચરિયાએ સંયોજન કર્યું હતું.અંતમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ પ્રશ્નોત્તરી કરી હતી તેમજ ગુણવંતરાય આચાર્યનાં પુસ્તકોનું પ્રદર્શન રાખવામાં આવ્યું હતું.

■ ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ચી.મ. ગ્રંથાલયમાં દર મહિનાની ૧૭મી તારીખે યોજાતા પુસ્તક-પ્રદર્શનમાં આ વખતે જુલાઈ માસમાં તા.૧૭થી ૨૭મી જુલાઈ દરમિયાન શ્રી ઉમાશંકર જન્મદિવસ નિમિત્તે જ્ઞાનપીઠ ઍવૉર્ડ વિજેતા ગુજરાતી સર્જકોનાં પુસ્તકોનું પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. જેમાં પરિષદ-ઉપપ્રમુખશ્રી રાજેન્દ્ર પટેલ, પરિષદના મહામંત્રીશ્રી પ્રફુલ્લ રાવલ, શ્રી મહેશ ચંપકલાલ, શ્રી સુભાષ બ્રહ્મભટ્ટ, શ્રી રાજેશ વ્યાસ 'મિસ્કીન', ગ્રંથાલયમંત્રીશ્રી પરીક્ષિત જોશી, શ્રી ઇતુભાઈ કુરકુટિયા ઉપરાંત એમ. પી. આર્ટ્સ કૉલેજનાં અધ્યાપકશ્રી ભારતી દેસાઈએ ૬૦ વિદ્યાર્થીઓ સાથે પ્રદર્શનની મુલાકાત લીધી હતી. વળી નવગુજરાત કૉલેજના અધ્યાપક શ્રી હરેશભાઈ પ્રજાપતિ ૧૨ વિદ્યાર્થીઓ સાથે પુસ્તક-પ્રદર્શનમાં ઉપસ્થિત રહ્યા હતા.

■ ગુજરાતી સાહિત્ય પરિષદની મુલાકાત તા.૨૭-૭-૨૦૧૯ના રોજ સવારે અમદાવાદની પ્રતિષ્ઠિત અને ઐતિહાસિક દીવાન બલ્લુભાઈ શાળા(કાંકરિયા)ના વિદ્યાર્થીઓ,આચાર્યા વૈશાલીબહેન શાહ, શિક્ષિકા નિર્ઝરીબહેન,ગ્રંથપાલ ધૃતિકાબહેન ભટ્ટ તથા વાલીઓએ લીધી હતી. અહીં બાળકોએ રસથી ગુજરાતી સાહિત્ય પરિષદના ગ્રંથાલયને જોયું ને ઉત્સાહથી માણ્યું હતું.આ પ્રસંગે બાળકોએ વાંચેલાં પુસ્તકોની કેફિયત રજૂ કરી હતી. આ ગ્રંથાલયની વિશેષતા શું ? બીજા કરતાં તે કઈ રીતે જુદી પડે છે ? ભાષાસાહિત્ય માટે તેણે શું કામ કર્યું છે ? એ બધી વાતો કરી હતી. આ વાચનશિબિરના મુખ્ય મહેમાન શ્રી રમેશ તન્નાએ બાળકો સમક્ષ પુસ્તકોના મહત્ત્વને

ઘૂંટ્યું હતું. તેમણે ગુજરાતી સાહિત્ય પરિષદ, તેના સ્થાપક રણજિતરામ વાવાભાઈ મહેતાનો ટૂંકો પરિચય આપ્યો હતો. તથા કાકાસાહેબ કાલેલકરના પુસ્તક વિશેના એક પ્રસંગનું વાચન કર્યું હતું.જીવનમાં પુસ્તકોની ઉપયોગિતા વિશે વાતો કરી હતી તેમજ પુસ્તકના વાચન વખતે વ્યક્તિ પોતે સક્રિય હોય છે, તે પોતે સર્જકની સાથે સાથે કલ્પના કરે છે એમ કહ્યું હતું.

❑

# સાહિત્યવૃત્ત

**સંકલન : પરીક્ષિત જોષી**

## કુસુમાંજલી સાહિત્ય સન્માન જાહેર

કુસુમાંજલી ફાઉન્ડેશન દિલ્હી દ્વારા ૨૦૧૨થી દર વર્ષે હિંદી અને કોઈ પણ એક પ્રાદેશિક ભાષાના ઉત્તમ સર્જકને ‘કુસુમાંજલી સાહિત્ય સન્માન’ અપાય છે. ૨૦૧૯ના વર્ષનું ગુજરાતી ભાષા માટેનું પારિતોષિક કવિ-ગદ્યકાર-ચિત્રકાર ગુલામ મોહમ્મદ શેખને ‘ઘેર જતાં’ માટે અને કવિ હરીશ મીનાશ્રુને ‘નચિકેત સૂત્ર’ માટે (સહિયારું) સંયુક્ત રીતે આપવામાં આવ્યું છે.

## સાહચર્ય પ્રકાશન પર્વ

૭ જુલાઈ ૨૦૧૯ને રવિવારે એસ.પી. જૈન ઑડિટોરિયમ ખાતે ભવન્સ કૅમ્પસ અંધેરી પશ્ચિમ મુંબઈ દ્વારા સાહચર્ય લેખન શિબિરનાં ત્રીસ વર્ષ નિમિત્તે સાહચર્ય પ્રકાશન નવભારત સાહિત્યમંદિર દ્વારા ‘પ્રકાશન પર્વ’નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નૌશિલ મહેતા દ્વારા સાહચર્યલીલાની ૩૦ મિનિટની દસ્તાવેજી ફિલ્મ સાથે ગુલામ મોહમ્મદ શેખ, કિરીટ દૂધાત, હર્ષદ ત્રિવેદી અને હિમાંશી શેલતે ગદ્યપઠન તેમજ ભરત નાયક, અજય સરવૈયા, કમલ વોરા, પરિષદ ઉપપ્રમુખ પીયૂષ ઠક્કરે પદ્યપઠન કર્યું હતું. પ્રબોધ પરીખે સંચાલન કર્યું હતું. સર્વ ભાવકોને નિમંત્રણ શ્રી ગીતા નાયકે આપ્યાં હતાં.

## પ્રકાશોત્સવ

તા.૨૦ જુલાઈના રોજ ગુજરાત વિદ્યાપીઠનાં હીરક મહોત્સવ હૉલમાં જાણીતા પત્રકાર-તંત્રી-સાહિત્યકાર અને સમાજસેવી પ્રકાશ ન. શાહનું નાગરિક સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે તેમના જીવનકાર્ય સંદર્ભે એક મોક કોર્ટનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નયનાબહેન શાહ, રતિલાલ બોરીસાગર, મનીષી જાની, ડૉ. અશ્વિનકુમાર, બિનીત મોદી, બિરેન કોઠારી વગેરે મહાનુભાવોએ રસપ્રદ જુબાની

આપી હતી. કાર્યક્રમમાં ગુજરાતના સામાજિક ક્ષેત્રે નિસબત ધરાવતા મહાનુભાવોની ઉપસ્થિતિમાં હિમાંશી શેલતના હસ્તે પ્રકાશભાઈને સન્માનનિધિ અર્પણ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતે પ્રકાશભાઈએ એમની લાક્ષણિક શૈલીમાં પ્રતિભાવ આપ્યો હતો.

## સાગમટે પાંચ પુસ્તકોનું વિમોચન

તા.૧૨ જુલાઈના રોજ રાજભવન ગાંધીનગર ખાતે રાજ્યપાલશ્રી કોહલીજીના હસ્તે શ્રી ચંદ્રકાન્ત મહેતાનાં પાંચ પુસ્તકોનું વિમોચન થયું હતું તેમાં પદ્મશ્રી કુમારપાળ દેસાઈ, ડૉ. સુધીર શાહ, ગુજરાતી સાહિત્ય પરિષદના મહામંત્રી શ્રી પ્રફુલ્લ રાવલ, શ્રી રાધેશ્યામ શર્મા અને અ. મ્યુ. સ્કૂલ બોર્ડના શાસનાધિકારી શ્રી એલ. ડી. દેસાઈ ઉપરાંત અન્ય મહાનુભવો હાજર રહ્યા હતા.

## ઈંટ અને ઈમારતની સાડા છ દાયકાની સિદ્ધિ

સાડા છ દાયકાથી ‘ગુજરાત સમાચાર’માં પ્રસિદ્ધ થતી કુમારપાળ દેસાઈની લોકપ્રિય કૉલમ ‘ઈંટ અને ઈમારત’ ને છઠ્ઠી જૂનના રોજ ૬૫ વર્ષ પૂર્ણ કર્યાં. પાંચ જૂન ૧૯૬૫ના રોજ શ્રી જયભિખ્ખુ (બાલાભાઈ દેસાઈ)એ આ કૉલમ શરૂ કરી હતી. ૨૪મી ડિસેમ્બર ૧૯૬૯ના રોજ તેમનું અવસાન થતાં (કૉલમનાં ૧૫ વર્ષ) ત્યાર પછી આજ પર્યન્ત લગભગ ૫૦ વર્ષ સુધી તેમના પુત્ર ડૉ. કુમારપાળ દેસાઈએ આ કૉલમને જીવંત રાખી છે જે ગુજરાતી પત્રકારત્વ ઇતિહાસની પ્રથમ અને નોંધપાત્ર ઘટના છે.

## લોકસંગીત માટે સન્માન

શ્રી નિરંજન રાજ્યગુરુને ૨૦૧૮ના વર્ષનું લોકસંગીત માટેનું અકાદમી સન્માન લોકસાહિત્ય-ભજન-સંગીતના મરમી સંશોધક નિરંજન રાજ્યગુરુને આપવાનું જાહેર થયું છે.

## આઈએનટી ઍવૉર્ડ જાહેર

તા.૧૭ જુલાઈના રોજ ગઝલસાહિત્યને પ્રોત્સાહન આપવા પ્રત્યેક વર્ષે શાયરને ઍવૉર્ડ આપી બિરદાવતી આઈએનટી સંસ્થા દ્વારા આ વર્ષ ૨૦૧૯ માટે કલાપી ઍવૉર્ડ કવિશ્રી ઉદયન ઠક્કરને તથા યુવા શાયરો માટેનો શયદા ઍવૉર્ડ શ્રી પ્રણવ પંડ્યાને જાહેર કર્યો છે.

## અંજારમાં ટૂંકીવાર્તા શિબિર

તા.૧૩ અને ૧૪ જુલાઈના રોજ અંજારના ગોવર્ધન પર્વત (સત્તાપર) ગામ ખાતે વાર્તાગોષ્ઠી દ્વારા રમેશ ર. દવે, કિરીટ દૂધાત અને માવજી મહેશ્વરીના માર્ગદર્શન હેઠળ વાર્તા વાચન સમીક્ષા શિબિર યોજાયો હતો.

❑